ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

લોકાર્પણના માંડ ૧ મહિનામાં સુરક્ષાના ધજાગરા ઉડ્યા , 'એ-વન' સિક્યુરિટી એજન્સીની ઘોર બેદરકારીથી રખડતા ઢોરો ઘૂસ્યા

નડિયાદમાં ૮ કરોડનો વીર સાવરકર પાર્ક રામભરોસે! : કડક પગલાં લેવા માગણી

ગેટ પર ગાર્ડ હોવા છતાં આખલા અંદર ઘૂસી જતાં કરદાતાઓના નાણાંનું પાણી થવાની ભીતિ

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ શહેરના નાગરિકો માટે આશરે 8 કરોડના માતબર ખર્ચે નિર્માણ કરવામાં આવેલા વીર સાવરકર પાર્કની સાચવણીમાં તંત્ર અને સિક્યુરિટી એજન્સીની ગંભીર લાપરવાહી સામે આવી છે. ભારે દબદબાભેર લોકાર્પણ થયાના માંડ એકાદ મહિનાના ટૂંકા ગાળામાં જ પાર્કની જાળવણીનો સદંતર અભાવ અને સુરક્ષા વ્યવસ્થાના ધજાગરા ઉડતી ઘટનાઓથી શહેરીજનોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. પાર્કના મુખ્ય ગેટ પર સિક્યુરિટી ગાર્ડ તૈનાત હોવા છતાં સુરક્ષાની જવાબદારી સંભાળતી 'એ-વન' સિક્યુરિટી એજન્સીની લાપરવાહીના કારણે પાર્કમાં રખડતા ઢોરો ઘૂસી ગયા હોવાના દ્રશ્યો સર્જાયા છે.



નડિયાદના નાગરિકો, બાળકો અને વૃદ્ધોના હરવાફરવા તેમજ આનંદપ્રમોદ માટે આ પાર્કમાં વોક-વે સહિતની અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવી હતી. પરંતુ કોન્ટ્રાક્ટર અને તંત્રની ઉદાસીનતાને કારણે આ કિંમતી સામગ્રી, બગીચાના છોડવાઓ અને વોક-વેને રખડતા ઢોરો દ્વારા ભારે નુકસાન પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે. પાર્કના ગેટ પર સિક્યુરિટી ગાર્ડ હાજર હોવા છતાં આટલા મોટા ઢોરો અંદર કેવી રીતે પ્રવેશ્યા તે અંગે એજન્સીની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.

સરકારી મિલકતની આવી ઘોર ઉપેક્ષા સામે નડિયાદના નાગરિકોમાં ભારે આક્રોશ છે અને તંત્ર દ્વારા આ લાપરવાહ એજન્સી સામે તાત્કાલિક કડક પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ ઊઠી છે.

સુરક્ષા ભંગની સળંગ બીજી ઘટના !

વીર સાવરકર પાર્કમાં સુરક્ષા વ્યવસ્થા ખોરવાઈ હોય તેવી આ કોઈ પહેલી ઘટના નથી. પાર્કનું લોકાર્પણ થયાના ગણતરીના દિવસોમાં જ કેટલાક અસામાજિક તત્વોએ અંદર પ્રવેશીને નકૂચા અને એંગલો તોડી નાખ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. લોકાર્પણને માંડ મહિનો પૂરો થયો ત્યાં રખડતા ઢોરો ઘૂસી જવાની બીજી ગંભીર બેદરકારી સામે આવતા 'એ-વન' સિક્યુરિટી એજન્સીની સક્ષમતા પર પ્રશ્નાર્થ ચિહ્ન મુકાયો છે.

ઠાસરાના કાલસર કેનાલ પાસે શ્રમિકો પર ટોળાનો હુમલો

આણંદથી બે ગાડીઓમાં આવેલા 30થી 40 હુમલાખોરોનો હથિયારો વડે અચાનક હુમલો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

ઠાસરા તાલુકાના કાલસર કેનાલ પાસે સત્તાવાર પરવાનગી સાથે ભૂંડ પકડવાની કામગીરી કરી રહેલા પણસોરાના યુવાનો પર આણંદથી આવેલા 30 થી 40 શખ્સોના ટોળાએ અચાનક હથિયારો વડે હિંસક હુમલો કર્યો છે. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ત્રણ સગા ભાઈઓને તાત્કાલિક સારવાર અર્થે ઉમરેઠની અમર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કાલસર કેનાલ વિસ્તારમાં ગત રોજ પણસોરાના રહીશ રામસિંગ કરમસિંગ કલાણી તેમના ભાઈઓ અને પાંચ-છ સાથીઓ સાથે કાયદેસરની પરવાનગીથી ભૂંડ પકડવાનું કામ કરી રહ્યા હતા. તે દરમિયાન આણંદ તરફથી બે ગાડીઓમાં ધસી આવેલા 30 થી 40 શખ્સોના ટોળાએ એકાએક હથિયારોથી હુમલો કરી દીધો હતો. આ હુમલો થતાં જ સાથેના શ્રમિકો જીવ બચાવવા આસપાસના ખેતરોમાં ભાગી છૂટ્યા હતા.

આ અણધાર્યા હુમલામાં રામસિંગ કલાણી, તેમના મોટા ભાઈ અવતારસિંગ કરમસિંગ કલાણી અને નાના ભાઈ ધરમસિંગ કરમસિંગ કલાણીને માથા, હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા માથામાં ટાંકા લેવા પડ્યા હતા. હોસ્પિટલના બિછાનેથી રામસિંગે આક્ષેપ કર્યો હતો કે હુમલો કરનારાઓમાં સોરણસિંગ, જીતસિંગ, સંતોખસિંગ, કલ્લુસિંગ અને અર્જુનસિંગ સહિત આણંદના ઈસમો સામેલ હતા.

હાલ પોલીસે હોસ્પિટલમાં સારવાર હેઠળના ત્રણેય ભાઈઓના નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે. નિવેદન નોંધાયા બાદ હુમલાનું ચોક્કસ કારણ બહાર આવશે. પોલીસે હુમલાખોરોને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂંડ પકડવા મુદ્દે આણંદ જિલ્લામાં અનેક મારામારી પોલીસ ચોપડે ચડી ચુકી છે. આ ટોળકી કાયદો વ્યવસ્થા માટે ભયજનક બની રહી છે.

મોટું કૌભાંડ | ખોટા ચેક આપી રકુચક્કર થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો

લુણાવાડાના ગઠિયાએ સરકારી નોકરીની લાલચ આપી ૫૮ યુવાનોને ચુનો ચોપડ્યો

૧૧૨ અને ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં સેટિંગના નામે ૧૧.૨૦ લાખ ખંખેરી લીધા

(પ્રતિનિધિ) સંતરામપુર તા.20

સરકારી હેલ્પલાઈનમાં નોકરી અપાવવાના બહાને ૫૮ નિર્દોષ યુવક-યુવતીઓને જાળમાં ફસાવી ૧૧,૨૦,૬૫૦ ની મોટી રકમ પડાવી લેનાર લુણાવાડા તાલુકાના સોનેલા ગામના મહીપાલસિંહ વિજયસિંહ જાદવ નામના ઠગ વિરુદ્ધ સંતરામપુર પોલીસ મથકે ગંભીર ગુનો નોંધાયો છે.

સંતરામપુર તાલુકાના સાતકુંડા ગામના ૨૬ વર્ષીય યુવક હિતેશકુમાર રૂઘાભાઈ બારીઆ ને નવેમ્બર ૨૦૨૫માં તેમના મિત્ર મારફતે માહિતી મળી હતી કે મહીપાલસિંહ જાદવ પોતાની ઓળખાણથી ઈમરજન્સી ૧૧૨માં ડ્રાઈવર તરીકે નોકરી અપાવી શકે છે. બાદમાં લુણાવાડાની જૂની આર.ટી.ઓ. કચેરી ખાતે યોજાયેલી મુલાકાત દરમિયાન જરૂરી દસ્તાવેજો અને ૧૫ હજાર ઓનલાઈન મેળવી લીધા હતા.

બાદમાં હિતેશના સંપર્કમાં રહેલા ૫૩ પુરુષોએ ૧૧૨માં ડ્રાઈવરની નોકરી માટે તથા ૫ મહિલાઓએ ૧૮૧ મહિલા હેલ્પલાઈન માં નોકરી મેળવવા માટે રકમ આપવાનું નક્કી કર્યું હતું. મહિલા હેલ્પલાઈન માટે ૭૫,૦૦૦ સહિત કુલ ૧૧,૨૦,૬૫૦ની રકમ ફરિયાદી હિતેશકુમારના બેંક ખાતામાં જમા કરાવવામાં આવી હતી. લાંબો સમય વિત્યા છતાં નોકરીનો કોઈ ઓર્ડર ન મળતાં યુવાનોને શંકા ગઈ હતી અને તેઓએ પોતાના નાણાં પરત માગવાની કડક ઉઘરાણી શરૂ કરી હતી.

જોકે, ઉઘરાણી વધતાં ગઠિયાએ પોતાની ચાલાકી છુપાવવા ફરિયાદીને ૧.૫૦ લાખ અને ૨ લાખના બે ચેક આપ્યા હતા. પરંતુ આ ચેકમાં નામની જગ્યાએ રકમ લખવામાં આવી હતી અને સહી પણ ખોટી કરવામાં આવી હતી, જેના કારણે બેંકમાંથી ચેક પરત ફર્યા હતા. આખરે પોતાનો ફોન સ્વિચ ઓફ કરી દેતાં અને છેતરપિંડી થઈ હોવાની સ્પષ્ટ ખાતરી થતાં ફરિયાદી હિતેશકુમાર બારીઆએ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આણંદમાં ઠંડીનો ચમકારો : તાપમાન ૧૫ ડિગ્રી થયું

ઠંઠાગાર વાતાવરણથી જનજીવનની ચહલપહલ મંદ પડી

(પ્રતિનિધિ) આણંદ તા ૨૦

આણંદ જિલ્લામાં શિયાળાની ઋતુનો રંગ ધીમે ધીમે જામી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાનનો પારો એક જ દિવસમાં ૩ ડિગ્રી સેલ્સિયસ ગગડીને ૧૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાતાં ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. વહેલી સવારે ઠંડા પવનોના સુસવાટા અને ઠંઠાગાર વાતાવરણને પગલે લોકો ગરમ વસ્ત્રોનો સહારો લેતા જોવા મળ્યા હતા.

આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ હવામાન વિભાગ દ્વારા જણાવાયા મુજબ મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૫.૦ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સવારના સમયે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા રહ્યું હતું. પવનની દિશા ઉત્તર-પૂર્વની રહી હતી અને પવનની ઝડપ પ્રતિ કલાક ૫.૩ કિમી નોંધાઈ હતી.

હવામાનના આંકડાઓ મુજબ લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૧૬.૨ ડિગ્રીનો તફાવત નોંધાયો છે, જે દિવસ દરમિયાન ગરમાવો અને રાત્રિ-વહેલી સવાર દરમિયાન ઠંડકનો અનુભવ કરાવે છે. સવારની ૬૪ ટકા ભેજ અને ઉત્તર-પૂર્વ દિશામાં ફૂંકાતા હળવા પવનને કારણે વહેલી સવારના વાતાવરણમાં ઠંડકનો અહેસાસ વધુ અનુભવાઈ છે. પવનની ઝડપ પ્રમાણમાં ઓછી હોવા છતાં નીચા લઘુત્તમ તાપમાનને કારણે ઠંડીની અસર વર્તાઈ રહી છે.

ઠંડીની તીવ્રતા વધતાં ખાસ કરીને નોકરી-ધંધા અને રોજિંદા કામકાજ માટે વહેલી સવારે નીકળતા લોકોની દિનચર્યામાં ફેરફાર જોવા મળ્યો છે. ચા-નાસ્તાની લારીઓ અને ગરમ પીણાંની દુકાનો પર લોકોની અવરજવર વધી છે, જ્યારે વહેલી સવારના સમયે રસ્તાઓ પર લોકોની ચહલપહલ પ્રમાણમાં મંદ પડી છે.

બીજી તરફ શિયાળુ ખેતી માટે પણ ઠંડક અનુકૂળ બનવાની આશા ખેડૂતો દ્વારા વ્યક્ત થઈ રહી છે. ઘઉં, ચણા અને રાયડા સહિતના રવિ પાકોના વિકાસ માટે યોગ્ય ઠંડક લાભદાયી બની શકે છે.

આણંદમાં ગાંજા સાથે ઝડપાયેલા બે શખ્સને ૧૨ વર્ષની સખ્ત કેદ

સ્પેશ્યલ એનડીપીએસ કોર્ટ ઓડિશાના તસ્કરોને કસૂરવાર ઠેરવ્યા, ૧-૧ લાખનો દંડ કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

આણંદ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૩ પર જુલાઈ ૨૦૨૧માં ૪૦ કિલોથી વધુ માદક પદાર્થ ગાંજા સાથે પકડાયેલા ઓડિશાના બે શખ્સોને આણંદની સ્પેશ્યલ એનડીપીએસ અદાલતે કસૂરવાર ઠેરવીને ૧૨ વર્ષની સખ્ત કેદ અને પ્રત્યેકને રૂપિયા ૧ લાખના દંડની સજા ફટકારી છે.

સુત્રોના જણાવ્યાનુસાર, ૧૧મી જુલાઈ ૨૦૨૧ના રોજ આરોપી અશોક કૃષ્ણચંદ્ર નાહક અને રાધાકૃષ્ણ ઉદયનાથ સિંઘ બ્રહ્મપુરથી પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનના બી-૪ કોચમાં કોઈપણ પાસ કે પરમિટ વગર ૪૦ કિલો અને ૧૧૦ ગ્રામ ગાંજો લઈને આણંદ સ્ટેશને ઉતર્યા હતા. નાર્કોટિક્સ વિભાગના ઈન્ટેલિજન્સ ઓફિસર અમિતકુમાર ખરે અને તેમની ટીમે બંનેને ઝડપી પાડી મધ્યરાત્રે ધરપકડ કરી હતી.

તપાસ એજન્સી દ્વારા ચાર્જશીટ રજૂ કરાયા બાદ આ કેસ સ્પેશ્યલ એનડીપીએસ તથા ચોથા અધિક સત્ર ન્યાયાધીશની કોર્ટમાં ચાલી ગયો હતો. સુનાવણી દરમિયાન સરકારી વકીલે ૮ મૌખિક સાહેદોની જુબાની અને ૭૫ જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. અદાલતે બંને આરોપીઓને એનડીપીએસ એક્ટની કલમો હેઠળ કસૂરવાર ઠેરવી ૧૨ વર્ષની સખ્ત કેદ અને ૧ લાખનો દંડ ફટકાર્યો છે; દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદ ભોગવવી પડશે.

તપાસમાં આ ગાંજાનો જથ્થો અમદાવાદના જુહાપુરામાં રહેતા શેખ સમસાદબાનુ ઉર્ફે આપા મહમદશરીફે મંગાવ્યો હોવાનું ખુલ્યું હતું. પરંતુ બનાવ સમયે તેઓ જેલમાં હોવાથી, તેમની કોલ ડિટેઈલ ન મળતાં અને પૂરતા પુરાવા ન હોવાથી અદાલતે તેમને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

નડિયાદમાં ગાંજાનું વેચાણ કરતો શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

નડિયાદ એન્ટી નાર્કોટિક્સ વિંગની ટીમને રાત્રિ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી મળી હતી કે શહેરના બોમ્બે રેસ્ટોરન્ટના ખાંચામાં રહેતો આશીફહુશન ઉર્ફે મદન અયુબ મિયાં મલેક રિક્ષામાં ગાંજો રાખીને કબીર કોમ્પ્લેક્સ રોડ પર છૂટક વેચાણ કરી રહ્યો છે. આથી, દરોડો પાડી 19 પડીકીમાં ભરેલો 120 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આ સિવાય રિક્ષા, 2 મોબાઈલ અને રૂ. 4,150 રોકડા કબ્જે કરાયા છે. આ અંગે પૂછપરછમાં તેણે કબૂલાત કરી હતી કે તે આ ગાંજો પેટલાદના 'રફુ ચાચા' નામના શખ્સ પાસેથી લાવ્યો હતો અને નડિયાદમાં વેચતો હતો. આથી, પોલીસે નડિયાદ ટાઉન પોલીસ મથકે ગુનો 'રફુ ચાચા'ની શોધખોળ શરૂ કરી છે.

આણંદમાં APK ફાઈલ મોકલી નિવૃત્ત હેડ ક્લાર્ક સાથે ૧૪.૮૩ લાખની ઠગાઈ

'પેન્શન કાર્ડ'ની નકલી ફાઈલ ડાઉનલોડ કરતા જ પિતા-પુત્રના બેંક ખાતામાંથી રકમ ચોરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

આણંદ શહેરના કૈલાશફાર્મ રોડ સ્થિત નેસ્ટ વિહારમાં રહેતા ૭૨ વર્ષીય નિવૃત્ત હેડ ક્લાર્ક ભાઈલાલભાઈ અંબાલાલ પારેખ અને તેમના પુત્રના બેંક ખાતામાંથી સાયબર ગઠિયાઓએ ૧૪,૮૩,૦૦૦ ની ઓનલાઈન છેતરપિંડી આચરી છે. વોટ્સએપ પર આવેલી 'Bank Of India Pension Card' નામની અજાણી એપીકે (APK) ફાઈલ પર ક્લિક કરતા જ પિતા-પુત્રના ખાતામાંથી નાણાં ઉપડી ગયા હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી ભાઈલાલભાઈ અને તેમના પુત્ર મીતેશકુમારના બેંક ઓફ ઈન્ડિયાની આણંદ શાખામાં ખાતા આવેલા છે. ગત ૯મી ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સવારે ફરિયાદીના રજિસ્ટર્ડ મોબાઈલ પર વોટ્સએપ દ્વારા 'Bank Of India Pension Card' નામે એક ફાઈલ આવી હતી. બેંકની કોઈ યોજના હોવાનું માની ભાઈલાલભાઈએ ફાઈલ ડાઉનલોડ કરી હતી.

બપોરના ત્રણેક વાગ્યે ખાતામાંથી નાણાં કપાવાનો મેસેજ મળતાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ગઠિયાઓએ ૭ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કર્યા હતા. જેમાં ભાઈલાલભાઈના ખાતામાંથી ૪.૪૦ લાખના બે, ૨ લાખના બે અને ૧.૬૩ લાખનું એક મળી કુલ ૧૪.૪૩ લાખ તથા પુત્રના ખાતામાંથી ૩૭ હજાર અને ૩ હજાર મળી ૪૦ હજાર ઉપાડી લેવાયા હતા.

આમ, છેતરપિંડીનો ભોગ બનનારા પિતા-પુત્રએ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર જાણ કર્યા બાદ વિધિવત ફરિયાદ નોંધાવતા આણંદ સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી છે.

સાયબર ગઠિયાએ વૃદ્ધોને નિશાન બનાવ્યાં

આણંદ જિલ્લામાં એપીકે ફાઇલ ડાઉનલોડ કરતાં જ મોબાઇલ હેક થઇ બેંક ખાતામાંથી લાખો રૂપિયા નાણાં ઉપડવાના કિસ્સા વધી રહ્યાં છે. અગાઉ આરટીઓ મેમોના નામે એપીકે ફાયલ આવતી હતી. પરંતુ હવે સાયબર ગઠિયાઓએ પેન્શનરને નિશાન બનાવતાં ભારે ચિંતાની લાગણી ફેલાઇ છે. આ અંગે સાયબર ગઠિયાઓ સામે કડક કાર્યવાહી માટે માગણી ઉઠી છે.

canam STUDYABROAD

let's go

studyabroad educationfair


USA | UK | Canada | Australia | NZ | Germany | France

Vadodara | 22nd Nov (Sun) 2026 | 11 am - 5 pm | Vadodara Canam Office

Meet Institute Delegates & Canam Expert Advisors for your Study Abroad options

All CANAM services are FREE* OF COST | Application fee waivers* | EXPRESS ADMISSIONS for Quick Offers* | Scholarship/ Co-op options | Education loan by partner banks

Accepting applications for UG/ PG Diplomas, Bachelor's, Master's, MBA degrees for the upcoming Jan/Feb/May/July/Sept 2027 intakes



*T&C Apply

Register Online at www.canamgroup.com

9898042292, 7600063865

canam STUDY ABROAD

VADODARA : 301, 3rd Floor, Dwarkesh Complex, Near Welcome Hotel, R.C. Dutt Road, Alkapuri.
Tel. 0265-2329700/9600, 9898042292, 7600063865

90566 60131 | 1800 137 8055 | 89683 00000

30 Years of Excellence | 2,00,000 Success Stories